# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## સીધી ભરતીની જા. ક્ર. ૩૪૯/૨૦૨૫૨૬

## મ્યુનિસિપલ સેનેટરી ઈન્સ્પેક્ટર, વર્ગ–૩ સંવર્ગમાં જગ્યા વધારા અંગેની સુધારા

## જાહેરાત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના નિયંત્રણ હેઠળના કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર હસ્તકના મ્યુનિસિપલ સેનેટરી ઈન્સ્પેક્ટર, વર્ગ–૩ સંવર્ગની **કુલ–૭૫** જગ્યાઓ સીધી ભરતીથી ભરવા જા.ક્ર.૩૪૯/૨૦૨૫૨૬, તા.૨૬/૦૮/૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરી તા.૦૧/૦૯/૨૦૨૫ થી તા.૧૫/૦૯/૨૦૨૫ દરમ્યાન ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીપત્રકો મંગાવવામાં આવેલ હતા.

દરમ્યાનમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હસ્તકની **રાજ્યની નગરપાલિકા હેઠળના મ્યુનિસિપલ સેનેટરી ઈન્સ્પેક્ટર**, વર્ગ–૩ સંવર્ગની **કુલ–૧૪૫** જગ્યાઓનું સુધારેલ માંગણાપત્રક (૭૦+૭૫=૧૪૫) તથા **ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તકના સેનેટરી સબ ઈન્સ્પેક્ટર**, વર્ગ–૩ સંવર્ગની **કુલ–૨૮** જગ્યાઓ સીધી ભરતીથી ભરવા અંગેનાં માંગણાપત્રકો અત્રેની કચેરીને મળેલ છે. જે અનુસાર મ્યુનિસિપલ સેનેટરી ઈન્સ્પેક્ટર, વર્ગ–૩ સંવર્ગની સીધી ભરતીથી ભરવાની રહેતી જગ્યાઓમાં સુધારો થાય છે. આમ, તા.૨૬/૦૮/૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓમાં **૯૮** જગ્યાનો ઉમેરો થતો હોય **કુલ–૧૭૩** જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. આથી હવે નીચે દર્શાવ્યા મુજબની ભરતી કરવા માટેની જગ્યાઓ સંબંધિત ઉમેદવારોએ ધ્યાને લેવાની રહેશે.

**ઉકત વિગતો ધ્યાને લઈ આ જાહેરાત અન્વયે ઓનલાઈન અરજીપત્રકો સ્વીકારવાનો સમયગાળો તા.૨૦/૦૭/૨૦૨૬ (સમય બપોરના ૧૪–૦૦ કલાક) થી તા.૨૬/૦૭/૨૦૨૬ (રાત્રિના ૨૩–૫૯ કલાક) સુધી લંબાવવામાં આવે છે. ઓનલાઈન પરીક્ષા ફી ભરવાની છેલ્લી તા.૨૯/૦૭/૨૦૨૬ (રાત્રિના ૨૩–૫૯ કલાક) ની રહેશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.**

**૧. જગ્યાની વિગતો : મ્યુનિસિપલ સેનેટરી ઈન્સ્પેક્ટર અને સેનેટરી સબ ઈન્સ્પેક્ટર, વર્ગ–૩**

| સંવર્ગનું નામ | વિભાગ/ ખાતાની વડાની કચેરીનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | સા. શૈ. પ.વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | સા. શૈ. પ.વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | શારીરિક અશકત (દિવ્યાંગ) | માજી સૈનિક |
| મ્યુનિસ્પલ સેનેટરી ઈન્સ્પેક્ટર વર્ગ–૩ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૧૪૫ | ૫૯ | ૧૪ | ૩૮ | ૧૧ | ૨૩ | ૧૯ | ૦૪ | ૧૨ | ૦૩ | ૦૭ | ૦૦ | ૧૪ |
| સેનેટરી સબ ઈન્સ્પેક્ટર વર્ગ–૩ | ગાંધીનગર મહાનગરપાલિકા | ૨૮ | ૧૪ | ૦૨ | ૦૭ | ૦૧ | ૦૪ | ૦૪ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૨ |
| કુલ જગ્યા | | ૧૭૩ | ૭૩ | ૧૬ | ૪૫ | ૧૨ | ૨૭ | ૨૩ | ૦૪ | ૧૪ | ૦૩ | ૦૮ | ૦૧ | ૧૬ |

## દિવ્યાંગતાની વિગતો:-

| વિભાગ/સંવર્ગનું નામ | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ | બધિર અને ઓછું સાંભળનાર | મગજના લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલા અને નબળા સ્નાયુ | સ્વલીનતા, બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી | અંધત્વ અને બહેરાશ સહિતની (A) થી (D) હેઠળની વ્યક્તિમાંથી એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા |
|---|---|---|---|---|---|
| | A | B | C | D | E |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ/ ગાંધીનગર મહાનગરપાલિકા | B, LV (40-70)% | D, HH (40-70)% | OA, OL, LC, CP, Dw, AAV, BA*, BL*, SD, SI | ASD (M), SLD, MI | MD(40-70)% |
| મ્યુનિસિપલ સેનેટરી ઇન્સ્પેક્ટર, વર્ગ-૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| સેનેટરી સબ ઇન્સ્પેક્ટર, વર્ગ-૩ | **૦૧** | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ | **૦૧** | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

**B** (Blind), **LV** (Low Vision), **D** (Deaf), **HH**( Hard of hearing), **OA** (One Arm), **OL** (One leg), **LC** (Leprosy Cured), **CP** (Cerebral Palsy), **Dw** (Dwarfism), **AAV** (Acid Attack Victim), **BA*** (Both Arms), **BL*** (Both Leg), **SD** (Spinal Deformity), **SI** (Spinal Injury- Without any associated neurological/limb dysfunction), **ASD(M)** (Autism Spectrum Disorder (Mild)), **SLD** (Specific learning Disability), **MI** (Mental Illness), **MD** (Multiple Disabilities) Disabilities included in Group B to D

**નોંધ :**

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના નિયંત્રણ હેઠળની રાજ્ય નગરપાલિકાઓ હસ્તકના મ્યુનિસિપલ સેનેટરી ઇન્સ્પેક્ટર વર્ગ-૩ અને ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તકના સેનેટરી સબ ઇન્સ્પેક્ટર વર્ગ-૩, સંવર્ગ માટેના ભરતી નિયમોથી નિયત શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા તથા પગાર ધોરણ એકસમાન હોઈ, **જા.ક્ર.૩૪૯/૨૦૨૫૨૬, મ્યુનિસિપલ સેનેટરી ઇન્સ્પેક્ટર**, વર્ગ-૩ ની જાહેરાતમાં જગ્યામાં વધારો કરવામાં આવેલ છે.

(૨) અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ઉમેદવારોએ **(૧)** શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના નિયંત્રણ હેઠળની રાજ્યની નગરપાલિકાઓ હસ્તકના મ્યુનિસિપલ સેનેટરી ઇન્સ્પેક્ટર અને **(૨)** ગાંધીનગર મહાનગરપાલિકામાં નિમણૂક માટે તેમની પસંદગીનો ક્રમ દર્શાવવાનો રહેશે.

(૩) અસલ પ્રમણપત્રોની ચકાસણી સમયે એકવાર મંડળને સબમિટ કર્યા પછી પસંદગીના ક્રમમાં કોઈ ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

(૪) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના નિયંત્રણ હેઠળની રાજ્ય નગરપાલિકાઓ તથા ગાંધીનગર મહાનગરપાલિકામાં ખાલી જગ્યાઓ તથા ઉમેદવારનો યોગ્યતાના ક્રમને ધ્યાનમાં રાખીને, ફાળવણી કરતી વખતે ઉમેદવારોની પસંદગીનો ક્રમ ધ્યાનમાં લેવામાં આવશે.

(૫) ગાંધીનગર મહાનગરપાલિકામાં નિમણૂક પામેલ ઉમેદવાર ગુજરાત સરકારના કર્મચારી ગણાશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

(૬) ગાંધીનગર મહાનગરપાલિકામાં નિમણૂક પામેલ ઉમેદવાર **ત્રણ વર્ષના** અંતે ઉમેદવારની સેવાઓ સંતોષકારક જણાયેથી સાતમા પગાર પંચના રૂ.૨૫,૫૦૦/– થી રૂ.૮૧,૧૦૦/– (લેવલ–૪) ના પગારધોરણમાં નિયમિત નિમણૂક મેળવવાને પાત્ર થશે.

(૭) **ઉક્ત જાહેરાત અન્વયે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ ના ઠરાવની જોગવાઈઓ અનુસાર કોઈ પ્રતિક્ષાયાદી બનાવવાની રહેશે નહિ.**

જાહેરાત ક્રમાંક:૩૪૯/૨૦૨૫૨૬ અન્વયે ઉપર દર્શાવેલ સુધારા સિવાયની અન્ય તમામ જોગવાઈઓ/ બાબતો તા.૨૬/૦૮/૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ મૂળ જાહેરાતમાં દર્શાવ્યા મુજબ યથાવત રહેશે. જેની સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

**(૮) આ સુધારા જાહેરાત અન્વયે નવેસરથી અરજી કરતાં ઉમેદવારોને જ આર્થિક રીતે નબળા વર્ગ (EWS) પ્રમાણપત્રો તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારોને નોન–ક્રીમીલેયર પ્રમાણપત્ર સંબંધે આ સુધારા જાહેરાતમાં દર્શાવ્યા મુજબની સમયમર્યાદા લાગુ પડશે. જ્યારે અગાઉ અરજી કરેલ ઉમેદવારોને અગાઉની જાહેરાત મુજબની સ્થિતિ લાગુ પડશે, જે ધ્યાને લેવા વિનંતી.**

**(૯) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો:–**

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (**SEBC**) ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪/ ૨૦૨૪–૨૫/૨૦૨૫–૨૬ ની આવકના આધારે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: સસપ/ ૧૧૦૯/૧૬૬૩/અ થી રાજ્ય સરકારની નોકરી માટે નિયત થયેલ પરિશિષ્ટ–૪ મુજબ ગુજરાતી નમૂનામાં નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ **તા.૦૧/૦૪/૨૦૨૪ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૨૬/૦૭/૨૦૨૬** સુધીમાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : સશપ/ ૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ થી ઠરાવેલ જોગવાઈઓને ધ્યાને લેતાં ઉક્ત ૬(૧)માં દર્શાવેલ પરિશિષ્ટ–૪ મુજબના પ્રમાણપત્રના વિકલ્પે ઉમેદવારે **તા.૦૧/૦૪/૨૦૨૬ થી અરજી કરવાની છેલ્લી તારીખ તા.૨૬/૦૭/૨૦૨૬** દરમિયાનમાં કેન્દ્ર સરકાર હેઠળની નોકરીઓમાં અનામત માટે ભારત સરકારે ઠરાવેલ **Annexure-A** મુજબના નમુનામાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) ઉક્ત ૯(૧) અથવા ૯(૨) મુજબનું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (**SEBC**) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કૅટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં તેઓની પસંદગી થયેથી તેઓનો સમાવેશ સામાન્ય કૅટેગરીના ઉમેદવાર તરીકે કરવામાં આવશે.

(૪) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા–પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેની અરજી "રદ" કરવામાં આવશે.

(૫) ઉમેદવારે ઉક્ત ૯(૧) અથવા ૯(૨) મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને પ્રમાણપત્ર ઇશ્યૂ તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે જે નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો આવું પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહિ. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ નિયત સમયમર્યાદાનું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

## (૧૦) આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો:–

(૧) આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**)ના ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ અને તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ ની જોગવાઈ થી નિયત થયેલ નમુના **Annexure-KH** (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ–ગ (ગુજરાતી)ના નમૂનામાં **તા.૨૭/૦૭/૨૦૨૩ થી તા.૨૬/૦૭/૨૦૨૬** સુધીમાં મેળવેલું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૨) ઉક્ત ૭(૧) માં જણાવેલ પ્રમાણપત્રના વિકલ્પે આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**)ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ ની આવકના આધારે **તા.૦૧/૦૪/૨૦૨૬ થી અરજી કરવાની છેલ્લી તા.૨૬/૦૭/૨૦૨૬** સુધીમાં ભારત સરકાર હેઠળના **EWS** અનામતના લાભ માટે **Income and Asset Certificate** મેળવેલું હોય તે પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) ઉક્ત ૧૦(૧) અથવા ૧૦(૨) માં જણાવેલ પ્રમાણપત્રો સિવાયના અન્ય કોઈ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહીં. આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**)ના જે ઉમેદવારો આ બંને પ્રમાણપત્રો પૈકી કોઇ એક પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કૅટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. ગુજરાત સરકારની યોજનાઓના લાભ હેતુના પ્રમાણપત્રને કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) ઉમેદવારે ઉક્ત ૧૦(૧) અથવા ૧૦(૨) મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે અને દર્શાવેલ વિગતો મુજબનું અસલ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

**(૮) ઉક્ત વિગતે ઉમેદવારો પાસેથી OJAS વેબસાઇટ મારફત ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે.**

**આ માટે ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર તા.૨૦/૦૭/૨૦૨૬ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૨૬/૦૭/૨૦૨૬ (સમય રાત્રિના ૨૩:૫૯ કલાક સુધી) દરમિયાન ઓન–લાઇન અરજી કરવાની રહેશે. તથા પરીક્ષા ફી છેલ્લી તા.૨૯/૦૭/૨૦૨૬ (૨૩:૫૯ કલાક) સુધીમાં ફરજિયાત ઓન–લાઇન ભરવાની રહેશે.**

**વધુમાં મૂળ જાહેરાતમાં દર્શાવેલ વયમર્યાદા અંગે કટ ઓફ તા.૧૫/૦૯/૨૦૨૫ રહેશે તથા શૈક્ષણિક લાયકાત અંગે કટઓફ તા.૧૫/૦૯/૨૦૨૫ ના બદલે તા.૨૬/૦૭/૨૦૨૬ રહેશે.**

જા.ક્ર.૩૪૯/૨૦૨૫૨૬ અન્વયે ઉપર દર્શાવેલ સુધારા સિવાયની અન્ય તમામ જોગવાઇઓ/બાબતો તા.૨૬/૦૮/૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ મૂળ જાહેરાતમાં દર્શાવ્યા મુજબ યથાવત રહેશે, જેની સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

**તારીખ: ૨૦/૦૭/૨૦૨૬** **સચિવ**

**સ્થળ: ગાંધીનગર** **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**